# ગાંધીનગરથી પાંચ જિલ્લામાં કોવિડ-૧૯ વિજય રથનું ઈ-ફ્લેગથી પ્રસ્થાન

## કોવિડ-૧૯ વિજય રથ રાજ્યના તમામ 33 જિલ્લાના ૯૦ જેટલા તાલુકામાં ભ્રમણ કરી લોકોને કોરાના પ્રત્યે જાગૃત કરીને પ્રજા કલ્યાણલક્ષી વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતગાર કરાશે

ગાંધીનગર, તા. ૭

આજથી રાજ્યના પાંચ જિલ્લામાં પ્રસ્થાન કરાવેલ કોવિડ-૧૯ વિજય રથ ગુજરાતમાં કોરોના મહામારી સામે જાગૃતિ લાવીને રાજ્યમાં સૌનો સાથ સૌના સહકારથી કોરોના સામે જંગ જીતવાની રાજ્ય સરકારની સંકલ્પનાને વધુ મજબુત બનાવશે, આપણને વિજય રથ કોરોના સામે વિજય અપાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા આજે જૂનાગઢ, ભુજ-કચ્છ, બનાસકાંઠા, સુરત અને અમદાવાદ એમ પાંચ જિલ્લામાં કોવિડ-૧૯ વિજય રથનું ગાંધીનગરથી ઈ-ફ્લેગથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીએ કોવિડ-૧૯ વિજય રથના આયોજન બદલ આયોજકોને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે આપણા સૌના સંકલિત પ્રયાસોથી ગુજરાતમાં કોરોનાને હરાવવા ચોક્કસ સફળતા મળશે. રાજ્ય સરકારના સઘન પ્રયાસો અને લોકોના સહયોગથી ગુજરાતમાં કોરોના રિકવરી રેટ ૮૨ ટકા સુધી પહોંચ્યો છે જ્યારે મૃત્યુ દર ૭ ટકાથી ઘટાડીને ૨.૯ ટકા સુધી લાવી શક્યા છીએ. દેશના સરેરાશ ૮થી ૯ ટકા પોઝિટિવ રેટ સામે ગુજરાતમાં ૩.૫ થી ૪ છે. ગુજરાતમાં ધન્વંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ હેલ્પલાઈન અને હવે કોવિડ-૧૯ વિજય રથના માધ્યમથી આપણે કોરોના સામેનું યુદ્ધ જીતવાની દિશામાં આગળ વધી રહ્યા છે તેમાં આપણો ચોક્કસ વિજય થશે તેવી મુખ્યમંત્રીએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.



પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોના એડિશનલ ડાયરેક્ટર જનરલ ધીરજ કાકડીયાએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિજય રથની માહિતી આપતાં જણાવ્યું હતું કે "સાવચેતીને સંગ જીતીશું જંગ" તેમજ "સરકારને સંગ જીતીશું જંગ"ના ધ્યેય મંત્ર સાથે આ કોવિડ-૧૯ વિજય રથનો પ્રારંભ કરવામાં આવ્યો છે. PIB, ગુજરાત યુનિવર્સિટી અને UNICEFના સંકલિત પ્રયાસોથી સંચાલિત આ કોવિડ-૧૯ વિજય રથ રાજ્યના તમામ ૩૩ જિલ્લાના ૯૦ જેટલા તાલુકામાં ૪૪ દિવસ ભ્રમણ કરી લોકોને કોરાના પ્રત્યે જાગૃત કરશે તેમજ કેન્દ્ર સરકારની પ્રજા કલ્યાણલક્ષી વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતગાર કરશે. આ રથ પ્રતિદિન ૬૦ કી.મી. જેટલું અંતર કાપશે જેમાં રાજ્યભરના ૩૫૦ થી વધુ વિવિધ કલાકારો પરંપરાગત માધ્યમોથી કોરોના સામે સાવચેતીના પગલાં અંગે સંદેશો આપશે. આ ઉપરાંત જે લોકોએ કોરોના સામે જંગ જીત્યો છે તેવા કોરોના વિનર્સનું પણ સન્માન કરવામાં આવશે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આમને આમ બધી એપ્લીકેશન રદ્ કરશે તો જોજે થોડા સમયમાં આપણાં મોબાઈલમાં ખાલી વોલપેપર જ રહેશે...!!

# રાજ્ય નવી શિક્ષણ નીતિના શ્રેષ્ઠ અમલીકરણ માટે કટિબદ્ધ છે

ગાંધીનગર,તા.૭

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા યોજાયેલી ગવર્નર્સ કોન્ફરન્સમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ તેમજ ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન સંદર્ભે રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦ની ભૂમિકા વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. આ ગવર્નર્સ કોન્ફરન્સમાં દેશભરના રાજ્યોના રાજ્યપાલઓએ ઉપસ્થિત રહીને પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના મંતવ્યો રજૂ કરતાં જણાવ્યું હતું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં દેશના યુવાઓના સર્વાંગી વિકાસનું ચિંતન છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, પૂર્વ પ્રાથમિક શિક્ષાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ ક્ષેત્રે બહુઆયામી ચિંતન દ્વારા જ્ઞાન સંપન્ન ભારતના નિર્માણનો પુરુષાર્થ નવી શિક્ષણ નીતિ દ્વારા કરવામાં આવ્યો છે.



માતૃભાષામાં શિક્ષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ સ્તરથી જ બાળકનો સર્વાંગી વિકાસ, બહુવિષયી અધ્યયન, મૂલ્યાંકન માટેની ગુણવત્તા અને શિક્ષક સજ્જતા જેવા અનેકવિધ સુધારાને કારણે દેશના યુવાનો સાંસ્કૃતિક મૂલ્યોના જતન સાથે જ્ઞાન-કૌશલ્ય સંપન્ન બનશે અને યુવાનોને ×વિશ્વ નાગરિક બનાવવાનો સંકલ્પ સાકાર થશે. આ ગવર્નર્સ કોન્ફરન્સમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ-૨૦૨૦એ કોઈ નીતિગત દસ્તાવેજ નહીં, પરંતુ નાગરિકો-યુવાનોની આકાંક્ષા પૂર્ણ કરવાનો અને ભારત દેશને શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક કેન્દ્ર બનાવવાનો ભગીરથ પ્રયાસ છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જીવન મૂલ્યો આધારિત આધુનિક શિક્ષા પદ્ધતિ દ્વારા જ્ઞાન સંપન્ન સમાજના નિર્માણનું લક્ષ્ય નવી શિક્ષણ નીતિમાં પ્રતિબિંબિત થાય છે. રાષ્ટ્રપતિએ નવી શિક્ષણ નીતિના અમલીકરણમાં રાજ્યો અને રાજ્યપાલઓની ભૂમિકાને મહત્ત્વપૂર્ણ ગણાવી હતી.

# સેક્ટર-૨૬ ખાતે થયેલ બે સાઈકલ ચોરીનો ભેદ એલસીબીએ ઉકેલી દીધો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતેથી તાજેતરમાં બે સાઈકલ ચોરી થઈ હતી. એલસીબી પોલીસે ટાટા ચોકડી પાસેથી એક કિશોરને ચોરીની બે સાઈકલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી સાઈકલના આધાર પુરાવા માંગતા તેણે ચોરીની કબુલાત કરી હતી. એક સાઈકલ તેણે ક-૭ નજીક આવેલી દુકાનના પાર્કીંગમાં મુકી હતી અને બીજી સાઈકલ તેની પાસેથી મળી આવી હતી.

ઉલ્લેખનીય છે કે સે-૨૬ પ્લોટ નં.ડી.-૧૯ ખાતે રહેતા ગીરીશકુમાર બાબુલાલ પટેલના ઘરે પાસેથી રૂ.૮ હજારની કિંમતની તેમજ પ્લોટ નં.કે.-૭૦ ખાતે રહેતા અનુપકુમાર ચંદ્રશંકર વ્યાસના ઘર આગળથી રૂ.૭ હજારની સાઈકલ ચોરી થઈ હતી. જે અંગે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. આ બંન્ને સાઈકલ ચોરીનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિની બેઠક આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં મળશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે બાકી રહેલા કર્મચારીઓનો પગાર થઈ જતાં કર્મચારીઓમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી.
- ઈન્ડિયન મેડીકલ એસો. અને જિલ્લાતંત્રના સંયુક્ત ઉપક્રમે આજે કોવિડ-૧૯ને લઈ એક ખાસ સી.એમ.ઈ.નું આયોજન કરાયુ છે. જેમાં ડૉ. કમલેશ ઉપાધ્યાયે કી નોટ એડ્રેસ આપ્યુ હતુ.
- ગાંધીનગર નજીક કોબા કમલમ્ ખાતે પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં પ્રદેશ યુવા મોરચાની બેઠક મળવાની છે.
- ગાંધીનગર સરદાર પટેલ ભવનમાં આવેલ સ્વર્ણિમ સંકુલ-૧ માં આજે ૧૯૦ જેટલા લોકોના ટેસ્ટ કરાયા હતા જેમાં એક વર્ગ-૪નો કર્મયોગી પોઝીટીવ જણાયો હતો.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના અગ્રણી કેરવ દેસાઈના પિતાશ્રી મૃગેન્દ્ર દેસાઈનું આજરોજ દુઃખદ અવસાન થયુ છે.

# વોર્ડ નં.૮માં રખડતા ઢોર અને દબાણોની સમસ્યા ઉકેલવા માંગ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં અત્યારે રોડ પર રખડતાં ઢોરની સમસ્યા બેકાબુ બની છે. શહેરના વોર્ડનં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૨, ૪ અને ૩ ન્યુ વગેરે વિસ્તારમાં વધી રહેલી રખડતાં ઢોરની સમસ્યા તથા ગેરકાયદેસર દબાણો દૂર કરવા અંગે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન દ્વારા રજુઆત કરવામાં આવી છે. આ સાથે તેમણે આ મુદ્દે અગાઉ પણ લાંબા સમયથી રજૂઆતો કરતાં આવ્યા હોવા છતાં તે સમસ્યા ઉકેલાતી નહી હોવાની તાકીદ કરતા સત્વરે પગલાં ભરવા માંગ કરી હતી. તેમણે પોતાની આ દરખાસ્ત ચાર વર્ષ જુની હોવાની સેક્ટરના સ્થાનિક તબીબો તથા અખબાર દ્વારા પણ સમર્થન પ્રાપ્ત થયું હોવાની વાત કહેવા સાથે શહેરના વોર્ડ નં.૮માંથી સામુહિક રજુઆતો અંતર્ગત રખડતાં ઢોરને ઝબ્બે કરવા ઉપરાંત દબાણો દૂર કરવા જાહેર વિનંતી કરતો પત્ર મ્યુનિસિપલ કમિશનરને આપ્યો છે. આ સાથે તેમણે આ સમસ્યાને ઉકેલવા માંગ કરી છે.

# તાલુકા પંચાયતના નવ સભ્યોની જગ્યા ખાલી થતાં હાલ, ૨૭ સભ્યો થશે

## નવા સીમાંકનમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો ૨૮-૨૮ નિયત કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકા પંચાયતમાં હાલ ૩૬ સભ્યો છે. જેમાં ભાજપના ૧૫ સભ્યો, બે અપક્ષ સભ્યોનું સમર્થન અને એક કોંગ્રેસી નેતા કુબેરજી ગોલના સમર્થન સાથે તેની સંખ્યા ૧૮ થતી હતી.

કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૧૮ હતી અને ૧ અપક્ષનું સમર્થન પ્રાપ્ત થયેલ છે. પરંતુ તેના નેતા અને પક્ષના અગ્રણી કુબેરજી ગોલ ભાજપમાં જોડાતાં તેના સભ્યોની સંખ્યા પણ ૧૮ થતી હતી.

જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયત પર ભાજપે તડજોડની રાજનીતિથી કબજો જમાવ્યો હતો. નવમી સપ્ટેમ્બરના રોજ તાલુકા પંચાયત નવા પ્રમુખની ચૂંટણી યોજાવાની જાહેરાત થઈ ગઈ છે.

આમ તો નવ સભ્યોના સભ્યપદને લઈ તાલુકા પંચાયતની સામાન્ય સભા વખતે વિવાદ ખૂબ જાગ્યો હતો. પરંતુ સરકાર તરફથી આ અંગે નિર્ણય આવ્યો ન હતો.

હવે, નવેમ્બર - ડિસેમ્બરમાં પંચાયતોની ચૂંટણીઓને લઈ નવા સીમાંકન અંગેના પ્રાથમિક જાહેરનામા પ્રસિદ્ધ થતાં જ હરકતમાં આવેલ પંચાયત વિભાગે આ સભ્યોના સભ્યપદ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સત્તા પર છે અને તેના એક સભ્યનું સભ્યપદ સમાપ્ત થાય છે પરંતુ બહુમતીને લઈ કોઈ જ સમસ્યા ઉભી થતી નથી.

ગાંધીનગર તાલુકાના ૧૮ ગામ અને ૧ નગરપાલિકાને ગાંધીનગર શહેરની હદમાં ભેળવવામાં આવેલ છે. જ્યારે ૧ ગામને અમદાવાદની હદમાં ભેળવવામાં આવેલ છે.

નવા સીમાંકન અંગેના પ્રાથમિક જાહેરનામામાં તાલુકા પંચાયતની ૨૮ બેઠકો થાય છે અને જિલ્લા પંચાયતની પણ ૨૮ બેઠકો થાય છે. જોકે, નવ સભ્યોના તાલુકા પંચાયતના સભ્યોના સભ્યપદ સમાપ્ત થતાં હમણાં સભ્ય સંખ્યા ૨૭ થશે.

# સરગાસણ અશ્વમેઘ કોમ્પ્લેક્ષ સામેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૭

સરગાસણ ચાર રસ્તા પાસે આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્ષ સામે પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે રૂ.૧૨ હજારના બાઈકનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સરગાસણ એચીવર સ્કુલ સામે છાપરામાં રહેતા છોટાભાઈ વીરાભાઈ પરમાર (ઉં.૨૭) અશ્વમેઘ કોમ્પ્લેક્ષમાં મહાકાલી ટાયર પંચર હાઉસ નામની દુકાનમાં નોકરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૩ ના રોજ છોટાભાઈ પરમાર પોતાની બાઈક નં જી.જે.૧૮ સી.ઈ.-૬૯૧૧ લઈને સવારે આઠ વાગ્યાના અરસામાં દુકાને ગયા હતા. ત્યારબાદ બપોરે ૧ વાગે જમવા માટે ઘરે જમીને દુકાને પરત ફર્યા હતા. પરંતુ દુકાન પાસે પાર્ક કરેલું બાઈક બપોરે ૩.૩૦ કલાકે ચા પીવા માટે ઘરે જવાનું હોવાથી જોયું તો પાર્ક કરેલી જગ્યાએ બાઈક ન હતું. જેથી કોઈ શખ્સ ડુપ્લીકેટ ચાવી થી કે લોક તોડીને બાઈક ચોરી કરી લઈ ગયો હોવાનું લાગી રહ્યું છે. બાઈક ચોરી અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક ના મળી આવતા આખરે યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ૮થી ૧૪મી સુધી વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં વરસાદે થોડો વિરામ લેતા ખેડૂતોને હાશકારો થયો છે. જોકે, ચોમાસાને વિદાય થવામાં અંદાજે એક મહિના જેટલો સમય હોવાથી હજી ગુજરાતમાં વરસાદ પડવાની આગાહી આપવામાં આવી છે. હવામાન નિષ્ણાતે આગાહી કરી છે કે ગુજરાતમાં ફરી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. બીજી તરફ હવામાન વિભાગે પણ બે દિવસ વરસાદ પડવાની આગાહી આપી છે. આ ઉપરાંત તેઓએ ઓક્ટોબર મહિનામાં વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરી છે.

# પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સાથે અગ્રણી એસ.પી. ઠાકોરે શુભેચ્છા મુલાકાત લીધી

પમી સપ્ટેમ્બર શનિવારના રોજ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ વિવિધ જિલ્લાના પ્રવાસ દરમ્યાન ગાંધીનગર સરકીટહાઉસ ખાતે પધાર્યા હતા. આ દરમ્યાન જિલ્લાના ભાજપના સક્રિય અને ઉત્સાહી અગ્રણી એસ.પી. ઠાકોર અને તેમના ધર્મપત્ની સરોજબેન એસ. ઠાકોરે સી.આર. પાટીલની શુભેચ્છા મુલાકાતમાં તેમને શ્રીફળ કળશનો મોમેન્ટો, શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતુ. સરોજબેન એસ. ઠાકોરે ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ, ગુજરાત રાજ્ય મહિલા સુરક્ષા સમિતિના પૂર્વ ડિરેક્ટરની ભૂમિકા બજાવી છે. સી.આર. પાટીલે પાર્ટીનો વ્યાપ વધુમાં વધુ મજબૂત બને તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



# દૂરદર્શન-આકાશવાણીના ૯૦ના દસકના સમાચાર વાચિકા ઉદ્ઘોષિકા કેતકી ઠાકરનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ દૂરદશર્ન-ડી.ડી. ગિરનાર અને આકાશવાણી અમદાવાદના ૯૦ના દાયકાના જાણીતા ન્યૂઝ રિડર અને ઉદ્ઘોષિકા શ્રીમતી કેતકી ભૂવનેશ ઠાકરનું સોમવારે સવારે અમદાવાદમાં દુઃખદ અવસાન થયું છે.

શ્રીમતી કેતકી ઠાકરે ૯૦થી ૨૦૦૧-૦૨ સુધીના દાયકામાં દૂરદર્શનના આકાશવાણી સમાચાર વાચિકા તરીકે સેવારત રહીને પોતાના ઉચ્ચાર શુદ્ધિ સ્પષ્ટતા સાથેના સમાચાર વાંચન દ્વારા આગવી લોકપ્રતિષ્ઠા મેળવી હતી.

તેમણે રાજ્ય સરકારના વિવિધ કાર્યક્રમો, સ્વાતંત્ર દિવસ, પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં કાર્યક્રમ સંચાલન તેમજ માહિતી ખાતા દ્વારા નિર્મિત



પરિવર્તન, લોકશાહીના ધબકારા શ્રેણીમાં પણ પોતાનો અવાજ લાંબા સમય સુધી આપેલો છે.

તાજેતર માં દૂરદર્શનના ૮૦ થી ૯૦ના દશકના ન્યૂઝ રિડર્સે કોરોના વોરિયર્સ તરીકે જનજાગૃતિ ફેલાવતા 'ભારત મેરા મૂસ્કાયેગાહ્ન વિડીયો સોંગમાં પણ શ્રીમતી કેતકી ઠાકરે પોતાનું પ્રદાન કર્યુ હતું.

કેતકીબહેન ઠાકર છેલ્લા એક સપ્તાહથી અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા જ્યાં સોમવારે વ્હેલી સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ પોતાની પાછળ પતિ શ્રી ભૂવનેશ ઠાકર તેમજ બે પૂત્રો, પૂત્ર વધુને વિલાપ કરતાં છોડી ગયા છે.

શ્રીમતી કેતકી ઠાકરના અવસાનથી દૂરદર્શનના વરિષ્ઠ સમાચાર વાચકો સહિત તેમના ચાહકોમાં શોકની લાગણી પ્રસરી છે.

**National Institute of Fashion Technology**

(A Statutory body under the NIFT Act 2006 and setup by Ministry of Textiles, Govt. of India)

NIFT Campus, GH-0 Road, Gandhinagar 382007

**EXPRESSION OF INTEREST FOR THE VISITING MEDICAL DOCTOR & STUDENT COUNSELLOR**

Expression of interest is invited from the **Registered Medical Practitioner Doctor (preferably Female)** and **Student Counsellor** for NIFT Gandhinagar Campus. For more details please log on **www.nift.ac.in/gandhinagar**. **Last date for submission of resume is 18.09.2020.**

Joint Director (I/c)

vodafone !dea

**વોડાફોન આઈડિયા લિમિટેડ**

*(અગાઉની આઈડિયા સેલ્યુલર લિમિટેડ)*

CIN: L32100GJ1996PLC030976

નોંધણીકૃત કાર્યાલય: સુમન ટાવર, પ્લોટ નં. 18, સેક્ટર-11, ગાંધીનગર – 382 011, ગુજરાત

ઈમેઈલ: shs@vodafoneidea.com વેબસાઈટ: www.vodafoneidea.com

ફોન: +91–79–66714000 ફેક્સ: +91–79–23232251

**25મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટિંગ માહિતી અને બુક ક્લોઝરની સૂચના**

અત્રે સૂચના આપવામાં આવે છે કે **વોડાફોન આઈડિયા લિમિટેડ** ("કંપની")ની **પચ્ચીસમી વાર્ષિક સાધારણ સભા** ("એજીએમ") **બુધવાર, 30મી સપ્ટેમ્બર, 2020ના રોજ બપોરે 2.30 કલાકે (ભારતીય સમય પ્રમાણે)** એજીએમની સૂચનામાં આપ્યા મુજબ કામકાજ કરવા માટે વિડિયો કોન્ફરન્સિંગ ("વીસી")/અન્ય ઓડિયો વિઝયુઅલ માધ્યમો ("ઓએવીએમ") સુવિધા થકી યોજાશે.

એજીએમ સામાન્ય સ્થળે સભ્યોની પ્રત્યક્ષ હાજરી વિના સેબી પરિપત્રક તારીખ 12મી મે, 2020 સાથે વાંચતાં કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("એમસીએ પરિપત્રકો") અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમન 2015 ("લિસ્ટિંગ નિયમન") દ્વારા જારી અનુક્રમે તારીખ 8મી એપ્રિલ, 2020, 13મી એપ્રિલ, 2020 અને 5મી મે, 2020ના પરિપત્રકો સાથે વાંચતાં કંપની ધારા 2013 ("ધારા") અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોની લાગુ જોગવાઈઓ અનુસાર યોજાશે.

ઉક્ત ઉલ્લેખિત જોગવાઈઓ અંતર્ગત એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપની/ડિપોઝિટરી સહભાગી(ઓ) પાસે જેમની ઈ–મેઈલ આઈડી નોંધણી કરાવાઈ છે તે સભ્યોને જ ઈ–મેઈલ કરવામાં આવી છે. વાર્ષિક અહેવાલની સભ્યોને ઈલેક્ટ્રોનિક રવાનગી સોમવાર, 7મી સપ્ટેમ્બર, 2020ના પૂરી કરવામાં આવી છે.

વાર્ષિક અહેવાલની સૂચના કંપનીની વેબસાઈટ **www.vodafoneidea.com**, શેરબજારો, એટલે કે, બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ અનુક્રમે **www.bseindia.com** અને **www.nseindia.com** પર અને એજીએમની સૂચના એનએસડીએલની વેબસાઈટ, એટલે કે, **www.evoting.nsdl.com** પર પણ ઉપલબ્ધ છે.

**રિમોટ ઈ-વોટિંગની માહિતી**

કંપનીને તેના સભ્યોને નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") દ્વારા આપવામાં આવેલી ઈલેક્ટ્રોનિક વોટિંગ સુવિધા થકી રિમોટ ઈ–વોટિંગ અને વોટિંગની સુવિધા પૂરી પાડવામાં આવી છે તે જણાવતાં ખુશી થાય છે. વીસી/ઓએવીએમ થકી એજીએમમાં હાજરી આપતા સભ્યો અને રિમોટ ઈ–વોટિંગ થકી સૂચનાનો હિસ્સો બનવા ઠરાવો પર તેમના વોટ નહીં આપ્યા હોય અને અન્યથા આવું કરવાથી તેમને રોકવામાં નહીં આવ્યા હોય, તેઓ એજીએમ દરમિયાન આપવામાં આવેલી ઈ–વોટિંગ સુવિધા થકી વોટ આપવા પાત્ર રહેશે. સભ્યોએ એજીએમ પૂર્વે રિમોટ ઈ–વોટિંગ થકી તેમના વોટ આપ્યા હોય તેઓ એજીએમમાં હાજરી આપી શકે, પરંતુ તેમના વોટ ફરીથી આપવા હકદાર નહીં રહેશે.

એજીએમમાં રિમોટ ઈ–વોટિંગ અને વોટિંગ થકી વોટિંગ માટે સભ્યોની પાત્રતા નિશ્ચિત કરવાની કટ–ઓફફ તારીખ **બુધવાર, 23મી સપ્ટેમ્બર, 2020** રહેશે.

રિમોટ ઈ–વોટિંગ **રવિવાર, 27મી સપ્ટેમ્બર, 2020ના સવારે 9.00 વાગ્યાથી** શરૂ થશે અને **મંગળવાર, 29મી સપ્ટેમ્બર, 2020ના સાંજે 5.00 વાગ્યે** સમાપ્ત થશે. રિમોટ ઈ–વોટિંગ ત્યાર પછી એનએસડીએલ દ્વારા નિષ્ક્રિય કરાશે. સભ્ય દ્વારા એક વાર વોટ આપ્યા પછી તે/તેણીને ત્યાર પછી તેમાં ફેરફાર કરવા નહીં દેવાશે. કંપનીના શેરો પ્રાપ્ત નહીં કર્યા હોય અને એજીએમની સૂચના મોકલ્યા પછી કંપનીની સભ્ય બનેલાં હોય અને કટ–ઓફફ તારીખ, એટલે કે, **બુધવાર, 23મી સપ્ટેમ્બર, 2020ના** રોજ શેરો ધરાવતી હોય તેવી કોઈ પણ વ્યક્તિ **evoting@nsdl.co.in** પર વિનંતી મોકલીને લોગઈન આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરી શકે છે.

જો કોઈ મૂંઝવણ હોય તો તમે શેરહોલ્ડરો માટેનું ફ્રિક્વન્ટ્લી આસ્કડ ક્વેશ્ચન્સ (એફએક્યુ) અને શેરહોલ્ડરો માટેનું ઈ–વોટિંગ યુઝર મેન્યુઅલ જોઈ શકો છો, જે **www.evoting.nsdl.com** ના ડાઉનલોડ સેક્શનમાં મળશે અથવા ટોલ ફ્રી નંબર પર કોલ કરો 1800–222–990.

**વાર્ષિક સાધારણ સભાનું વેબકાસ્ટ**

સભ્યો વીસી/ઓએવીએમ થકી એજીએમમાં હાજરી આપી શકશે અથવા એજીએમનું લાઈવ વેબકાસ્ટ **https://www.evoting.nsdl.com** પર તેમના રિમોટ ઈ–વોટિંગ લોગઈન અધિકારનો ઉપયોગ કરીને જોઈ શકશે. વીસી/ઓએવીએમ થકી એજીએમમાં હાજરી આપવા માટે વિગતવાર પ્રક્રિયા એજીએમની સૂચનાની નોંધમાં ઉલ્લેખ કરવામાં આવી છે.

**બુક ક્લોઝર**

અત્રે કંપની (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમ 2014ના નિયમ 10 અને લિસ્ટિંગ નીતી નીયમો 42 સાથે વાંચતાં ધારાની કલમ 91 અંતર્ગત સૂચના આપવામાં આવે છે કે કંપનીના રજિસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુક્સ એજીએમના હેતુથી **બુધવાર, 23મી સપ્ટેમ્બર, 2020થી બુધવાર, 30મી સપ્ટેમ્બર, 2020 (બંને દિવસો સમાવિષ્ટ)** સુધી બંધ રહેશે.

સભ્યોને એજીએમની સૂચનામાં આપેલી નોંધ અને ખાસ કરીને એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ, એજીએમ દરમિયાન રિમોટ ઈ–વોટિંગ અને ઈ–વોટિંગ થકી મત આપવાની પદ્ધતિ અને વીસી/ઓવીએએમ થકી એજીએમમાં હાજરી આપવાની પદ્ધતિ ધ્યાનથી વાંચવાની વિનંતી છે.

**વોડાફોન આઈડિયા લિમિટેડ** વતી
*(અગાઉની આઈડિયા સેલ્યુલર લિમિટેડ)*

સહી / –
**પંકજ કાપદેવ**
**કંપની સેક્રેટરી**

સ્થળ: મુંબઈ
તારીખ: 7 સપ્ટેમ્બર, 2020